For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ઘોડા, ગાય, ભેંસ, બિલાડી અને ઘેંટાની લીવરની દવા બાળકો માટે વેચાતી હતી

# 1000 બાળકોને પશુની દવા પીવડાવી

**સુરત** SOGએ ગોપીપુરા મોમનાવાડના મેડિકલ સ્ટોર સંચાલકની ધરપકડ કરી

**પશુઓની** ‘Liv.52’ની મોટી બોટલ નાની બોટલોમાં રીફિલ કરતો હતો

સુરતઃશહેર SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) અને ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન દ્વારા ગોપીપુરા વિસ્તારમાં આવેલ ‘શ્રી શાંતિનાથ મેડીકલ’ સ્ટોર પર દરોડો પાડીને એક ચોંકાવનારા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પશુઓ માટે વપરાતી ‘Liv.52 Animal Feed Supplement’ દવાનું બાળકોની દવામાં રીફિલિંગ કરી માનવ આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા મેડિકલ સ્ટોરના માલિકની અટકાયત કરવામાં આવી છે.

મળતી બાતમીના આધારે SOGના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહને ડમી

...અનુસંધાન પાના 9 પર



### પોલીસે કબજે કરેલો સામાન

- સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન
- ૫ લીટરનું પશુની દવાનું કેન
- ખાલી બોટલો અને બુચ
- બોગસ સ્ટીકરો
- કુલ રૂપિયા ૩૧,૯૯૫
- પેકીંગ કરવાની સામગ્રી

### 330ની દવા રૂપિયા 660માં વેચતો હતો

પોલીસ પૂછપરછ દરમિયાન નફાખોરીનો પણ ઘટસ્ફોટ થયો છે. જેમાં પશુઓ માટેની 1 લિટર બોટલની કિંમત રૂ. 330 MRP છે, જ્યારે માનવ ઉપયોગ માટેની 60 મિલિની બોટલની કિંમત રૂ.160 MRP છે. આરોપી 1 લિટરના મોટા પેકમાંથી નાની નાની બોટલો ભરીને રૂ.330ની દવા આશરે રૂ. 660 થી વધુ કિંમતે વેચતો હતો. આરોપી છેલ્લા 1 વર્ષથી આ ગેરકાયદે ધંધો ચલાવતો હતો અને અત્યાર સુધીમાં આવી આશરે 1000 જેટલી બોટલો નાગરિકોને વેચી હોવાની કબૂલાત કરી છે. તેની આ મેડિકલ દુકાન 20 વર્ષ જૂની છે

### સ્ટોર સંચાલકનું નામ સાજીદ મોહંમદ અને દુકાનનું નામ શાંતિનાથ મેડિકલ સ્ટોર

ગોપીપુરાના મેડિકલ સ્ટોરમાં પશુની દવા બાળકો માટે વેચાતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. તેમાં સૌથી ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે, જે આરોપી પકડાયો છે તેનું નામ સાજીદ મુલ્લા છે પરંતુ દુકાનનું નામ શાંતિનાથ મેડિકલ સ્ટોર છે. આવું નામ તેણે શા માટે રાખ્યું તે એક કોયડો છે જેને પોલીસે ઉકેલવો જોઇએ.




# સુરતમાં જાણીતા ‘ગુચ્ચી ફ્લોરા’ના નામે ઓનલાઈન નકલી પરફ્યુમનું વેચાણ

**સ્કાયવ્યુ** બિઝનેસ હોરીઝોનની ઓફિસમાં રેડમાં ૨૧૪ પરફ્યુમ બોટલ અને ૧૦૬૧ સ્ટિકર સહિત રૂ.૪૫,૯૯૦નો મુદ્દામાલ જપ્ત, વેપારીની ધરપકડ



### અડધી કિંમતે ઓનલાઇન વેચાણ કરાતું હતું

GUCCII FLORA પરફ્યુમની બજાર કિંમત 50 ml માટે આશરે રૂ. 8,000થી રૂ. 11,000 છે. જ્યારે આરોપી સંદીપ બે મહિનાથી આ ઓફિસમાં પરફ્યુમ ડુપ્લિકેટ બનાવી અડધી કિંમતે ઓનલાઇન અલગ અલગ પોર્ટલ પર વેચાણ કરતો હતો.

સુરતઃ લસકાણામાં જાણીતી બ્રાન્ડ ‘ગુચ્ચી ફ્લોરા’ (GUCCI FLORA)ના નામ અને લોગોનો કથિત ગેરકાયદે ઉપયોગ કરી નકલી પરફ્યુમનું વેચાણ કરાતું હોવાનો પર્દાફાશ થયો છે. લસકાણાના સ્કાયવ્યુ બિઝનેસ હોરીઝોનની એક ઓફિસમાં પોલીસે દરોડો પાડી પરફ્યુમની ૨૧૪ બોટલ, વિવિધ નામના ૧૦૬૧ સ્ટીકર અને સ્ટીકર લગાવેલી પાંચ પરફ્યુમ બોટલ સહિત કુલ રૂ.૪૫,૯૯૦નો મુદ્દામાલ કબજે કરી દુકાનદારની ધરપકડ કરી છે.

હરિયાણાના ગુડગાંવ સ્થિત ‘RNA, IP Attorneys’ કંપનીના ઇન્વેસ્ટિગેશન ઓફિસર ક્રિષ્નપાલસિંગ રવિનાથસિંગ સિંગ (ઉ.વ.૩૪)ને લસકાણા સ્થિત સ્કાયવ્યુ બિઝનેસ હોરીઝોનમાં ઓફિસ નં. ૧૦૧માંથી ગુચ્ચી ફ્લોરા બ્રાન્ડના નામે નકલી પરફ્યુમ વેચવામાં આવતા હોવાની માહિતી મળતા પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસને GUCCI FLORA નામના ૨૨, GUCCII FLORA નામના ૧૦૧૬ અને GUCCY FLORA નામના ૨૩ સ્ટીકર મળી આવ્યા હતા. આ ઉપરાંત સ્ટીકર વગરની ૨૧૪ પરફ્યુમ બોટલ, GUCCII FLORA સ્ટીકરવાળી બે બોટલ અને બોક્સ પેકિંગ સાથેની આવી ત્રણ બોટલ મળી આવી હતી. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂ. ૪૫,૯૯૦ આંકવામાં આવી છે. પરફ્યુમની બોટલો પર લાઇસન્સ કે અધિકૃત મંજૂરી વિના જાણીતી બ્રાન્ડના નામ અને લોગોનો ઉપયોગ કરાયો હોવાની ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી કરી છે. આ મામલે લસકાણા પોલીસ મથકમાં મૂળ બોટાદ જિલ્લાના

...અનુસંધાન પાના 9 પર

# AI કેમેરાથી પોલીસે બે નવરાત્રિ આયોજનમાં ઓવરક્રાઉડ અટકાવ્યું

**પોલીસ** કંટ્રોલ રૂમમાં AI કેમેરાનું સીધું મોનિટરિંગ

**સાયરન** વાગતાં જ પોલીસ એક્શનમાં આવી

**ભીડ** નિયંત્રણમાં આવ્યા બાદ પ્રવેશ શરૂ કરાયો

### નવરાત્રિના બે દિવસ દરમિયાન પોલીસ કંટ્રોલમાં નોંધાયેલા ખેલૈયા

■ **મંડળી ગરબા, બોકેટો કેફે, ડુમસ:** મંજૂર ક્ષમતા ૩૦૦, જ્યારે કુલ ૧,૬૪૨ લોકો નોંધાયા. ■ **ઓલિવ નવરાત્રિ, ડુમસ:** મંજૂર ક્ષમતા ૩,૦૦૦ સામે ૩,૫૦૭ લોકો નોંધાયા. ■ **જે.જી. નવરાત્રિ, સરોલી:** મંજૂર ક્ષમતા ૪,૦૦૦ સામે ૩,૧૫૧ લોકો નોંધાયા. ■ **ઓજી નવરાત્રિ, અલથાણ:** મંજૂર ક્ષમતા ૮,૦૦૦ સામે ૩,૫૬૮ લોકો નોંધાયા. ■ **ગરવી વારસો, ડુમસ:** મંજૂર ક્ષમતા ૧૦,૦૦૦ સામે ૩,૦૧૪ લોકો નોંધાયા. ■ **રાસ ઉત્સવ (YPD), ડુમસ:** મંજૂર ક્ષમતા ૭,૦૦૦ સામે ૨,૪૦૦ લોકો નોંધાયા. ■ **સૂર એ નવરાત્રિ, ઉતરાણ:** મંજૂર ક્ષમતા ૩,૫૦૦ સામે ૧,૭૪૧ લોકો નોંધાયા. ■ **એપલ ફાર્મ (મા નવરાત્રિ), ઉમરા:** મંજૂર ક્ષમતા ૪,૦૦૦ સામે ૧,૧૫૧ લોકો નોંધાયા.

સુરતઃ સુરતમાં નવરાત્રિ મહોત્સવ દરમિયાન ખેલૈયાઓની સુરક્ષા અને ભીડ નિયંત્રણ માટે શહેર પોલીસે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત મોનિટરિંગ સિસ્ટમનો ઉપયોગ શરૂ કર્યો છે. મોટા ગરબા આયોજનોમાં મંજૂર ક્ષમતા કરતાં વધુ લોકો એકઠા થતાં જ પોલીસ કંટ્રોલ રૂમમાં એલર્ટ મળે છે. આ સિસ્ટમની મદદથી ગઈકાલે બે ગરબા આયોજનોમાં વધારાની ભીડ નોંધાતાં પોલીસે નવા પ્રવેશ પર રોક લગાવી હતી.

ભીડ નિયંત્રણમાં આવ્યા બાદ જ ફરી પ્રવેશની મંજૂરી આપવામાં આવી હતી. AI આધારિત મોનિટરિંગથી ગરબાનાં સ્થળોએ ભીડની સ્થિતિ પર સતત નજર રાખી સમયસર કાર્યવાહી કરી શકાય છે. પોલીસની આ વ્યવસ્થાનો હેતુ નાસભાગ જેવી સંભવિત દુર્ઘટનાઓ અટકાવવા અને ખેલૈયાઓની સુરક્ષા જાળવવાનો છે. પોલીસ દ્વારા ગરબાનાં સ્થળોએ મંજૂર ક્ષમતા પ્રમાણે જ લોકોને પ્રવેશ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. AI કેમેરા અને મોનિટરિંગ સિસ્ટમ

...અનુસંધાન પાના 9 પર

### શહેરના બે મોટા ઉદ્યોગોમાં અલગ સ્થિતિ હીરામાં 15 દિવસનું જ વેકેશન

# કાપડ ઉદ્યોગમાં આ વખતે 15 દિવસ વહેલું વેકેશન પડવાની શક્યતા

**સ્પિનર્સના** કથિત કૃત્રિમ ભાવવધારા પર અંકુશ મૂકી આંતરરાષ્ટ્રીય FOB દરે યાર્ન આપવાની માંગ

સુરત : દેશના સૌથી મોટા ટેક્સટાઈલ હબ ગણાતા સુરતના વીવિંગ ઉદ્યોગ પર સંકટ ઘેરાયું છે. યાર્નના ભાવમાં કિલોદીઠ રૂપિયા 50 સુધીનો વધારો અને બીજી તરફ ગ્રે કાપડની નબળી ઘરાકીને કારણે લૂમ્સ કારખાનેદારો માટે એકમો ચાલુ રાખવા મુશ્કેલ બન્યા છે. પરિણામે સામાન્ય સમય કરતાં આશરે 15 દિવસ વહેલું દિવાળી વેકેશન જાહેર કરવાની નોબત આવી શકે છે. તો બીજી તરફ હીરા ઉદ્યોગમાં તેજીનો માહોલ છે. જેના કારણે વેકેશ ચાર વર્ષ પછી 15 દિવસનું જ પડવાની શક્યતા છે.

સચિન ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટીના પ્રમુખ મયુર ગોળવાલાએ જણાવ્યું હતું કે મિડલ ઈસ્ટમાં યુદ્ધજન્ય તણાવ બાદ જૂન મહિનાથી યાર્નના ભાવમાં અસાધારણ વધારો થયો છે. છેલ્લા કેટલાક મહિનામાં ભાવમાં આશરે 35થી 40 ટકાનો ઉછાળો નોંધાયો છે. મોંઘા કાચા માલ સામે તૈયાર કાપડને યોગ્ય ભાવ મળતા નથી અને બજારમાં અપેક્ષિત ઘરાકી પણ નીકળી નથી. તેના કારણે ઉત્પાદનથી વેચાણ સુધીની સમગ્ર ચેઈન ખોરવાઈ ગઈ છે.

તહેવારોની મોસમ હોવા છતાં ગ્રે કાપડ અને ફિનિશ્ડ ફેબ્રિકની માંગ અપેક્ષા મુજબ ન રહેતાં કારખાનાઓમાં તૈયાર માલનો ભરાવો થઈ રહ્યો છે. પેમેન્ટ સાયકલ ખોરવાતાં બજારમાં રોકડની ખેંચ પણ વધી છે. આવી સ્થિતિમાં વીવર્સ માટે રોજિંદા ઉત્પાદન ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ બન્યું છે.

મયુર ગોળવાલાએ જણાવ્યું હતું કે સ્પિનર્સ દ્વારા કરવામાં આવતા કથિત કૃત્રિમ ભાવવધારા પર સરકાર અંકુશ મૂકે અને સ્થાનિક વીવિંગ એકમોને આંતરરાષ્ટ્રીય બજારના FOB (ફ્રેઈટ ઓન બોર્ડ) દરે યાર્ન ઉપલબ્ધ કરાવે તો ઉત્પાદન ખર્ચમાં રાહત મળી શકે છે.સુરતની મુલાકાતે આવેલા કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહ સમક્ષ પણ આ અંગે લેખિત રજૂઆત કરવામાં આવી છે. ગોળવાલાના મતે, સરકાર સમયસર નીતિવિષયક પગલાં ભરે તો વીવિંગ ઉદ્યોગને મોટી રાહત મળી શકે અને 15 દિવસ વહેલા દિવાળી વેકેશનની સંભાવના ટાળી શકાય. હવે ઉદ્યોગકારોની નજર સરકારના નિર્ણય પર છે.

# નોરતા તપ્યા પણ 27મી આસપાસ કમોસમી વરસાદની સંભાવના

**શહેરમાં** તાપમાનમાં ઘટાડો છતાં ૩૭.૫ ડિગ્રી તાપમાન સાથે ગરમી યથાવત

**ભેજમાં** ૧૧ ટકાનો ઘટાડો, પવનની ગતિ શૂન્ય, લઘુત્તમમાં ૧.૩ ડિગ્રીનો વધારો

સુરતઃ શહેરમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવા સાથે મહત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. ત્યાં બીજી તરફ હવામાન વિભાગ નવરાત્રિ પછી 27મી તારીખની આસપાસ કમોસમી વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, ૧૩ ઑક્ટોબરે મહત્તમ તાપમાન ૩૮.૧ ડિગ્રી નોંધાયું હતું, જે ૧૪ ઑક્ટોબરે ઘટીને ૩૭.૫ ડિગ્રી થયું છે. આમ, મહત્તમ તાપમાનમાં ૦.૬ ડિગ્રીનો ઘટાડો થયો છે. બીજી તરફ, લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રીથી વધીને ૨૫.૧ ડિગ્રી નોંધાતાં રાત્રિના તાપમાનમાં ૧.૩ ડિગ્રીનો વધારો થયો છે. પરિણામે, દિવસના તાપમાનમાં થોડી રાહત મળી હોવા છતાં રાત્રે ગરમીનું પ્રમાણ વધ્યું છે. મહત્તમ તાપમાનમાં ૦.૬ ડિગ્રીનો ઘટાડો થયો હોવા છતાં તાપમાન ૩૭ ડિગ્રીથી ઉપર રહેતાં બપોરના સમયે ગરમીનો અનુભવ યથાવત્ રહ્યો હતો. દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચેનો તફાવત પણ ૧૪.૩ ડિગ્રીથી ઘટીને ૧૨.૪ ડિગ્રી થયો છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૩ ઑક્ટોબરે ૫૯ ટકા હતું, જે આજે ઘટીને ૪૮

...અનુસંધાન પાના 9 પર

# AI વિડીયોને લીધે નહેરનું પાણી અટકાવી દીધું

**બારડોલીના** યુવકે AI આધારીત નહેરમાં મગર હોવાનો વિડીયો બનાવ્યો

**વન** અને સિંચાઈ વિભાગના અધિકારી આખી રાત દોડતા રહ્યા




ફેક વિડીયો મૂક્યો | મગર શોધવા દોડધામ | નહેરનું પાણી અટકાવાયું | યુવાને ભૂલની કબૂલાત કરી

બારડોલી : ટેકનોલોજીનો દુરુપયોગ ક્યારેક કેટલી મોટી મુસીબત નોતરી શકે છે તેનો એક રમુજી છતાં ગંભીર કિસ્સો બારડોલીમાં સામે આવ્યો છે. બારડોલીમાંથી પસાર થતી નહેરમાં એક વિશાળ મગર જોવા મળ્યો હોવાનો ફોટો સોશિયલ મીડિયા પર વાયુવેગે પ્રસરતા આસપાસના વિસ્તારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ વાઈરલ ફોટાને સાચો માનીને સ્થાનિક વહીવટી તંત્ર, વનવિભાગ અને જીવદયા પ્રેમીઓની ઊંઘ હરામ થઈ ગઈ હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વનવિભાગ અને એનજીઓ ફ્રેન્ડ્સ ઓફ એનિમલ વેલ્ફેર ટ્રસ્ટની ટીમ તાત્કાલિક એક્શનમાં આવી ગઈ હતી. અફવાને પગલે નહેર વિસ્તારમાં મોડી રાત સુધી સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બેટરીઓ અને સાધનો સાથે ટીમે ખૂણેખૂણો ફેંદી માર્યો હતો, પરંતુ મગરનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે સ્થિતિની ગંભીરતા જોતા સિંચાઈ વિભાગની મદદ લેવામાં આવી હતી અને રાતોરાત નહેરમાં વહેતું પાણી તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવ્યું હતું, જેથી સવારે પાણી ઓછું થતા મગરને સરળતાથી રેસ્ક્યૂ કરી શકાય.

જોકે, કલાકોની ભારે જહેમત અને કેનાલનું પાણી સુકાઈ ગયા બાદ પણ ત્યાંથી કોઈ મગર મળી આવ્યો ન હતો. આખરે આ સમગ્ર હાઈ-વોલ્ટેજ ડ્રામાનો અંત એક નાટકીય વળાંક સાથે આવ્યો હતો. જે ફોટો વાઈરલ થયો હતો તેને બનાવનાર યુવકે જાતે જ સામે આવીને પોતાની ભૂલની કબૂલાત કરી હતી. યુવકે જણાવ્યું હતું કે, તેણે માત્ર તેના એક મિત્ર સાથે મજાક કરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ની મદદથી કેનાલના સામાન્ય ફોટામાં મગર ઉમેરીને તેને એડિટ કર્યો હતો. તેનો મિત્ર આ ફોટાને સાચો માની બેઠો અને તેણે ગભરાઈને આ ફોટો આગળ શેર કરી દીધો, જેના કારણે જોતજોતામાં આખી અફવા આગની જેમ ફેલાઈ ગઈ. આ ઘટસ્ફોટ બાદ રાતભર જાગેલા તંત્ર અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો. જો કે તંત્ર દ્વારા આ યુવક સામે કોઈ પગલાં લેવાય છે કે કેમ તે જોવું રહ્યું.



### લગ્નની લાલચે ભાણકીને ભગાડનાર મામાને 20 વર્ષની કેદની સજા

# સગીર ભાણકીએ ખોટો કેસ કહ્યો પણ DNAએ મામાને સજા અપાવી

**સગીર** ભાણકીએ એવું નિવેદન આપ્યું હતું કે, માતા અને મામા વચ્ચે મિલકતનો ઝઘડો હોવાથી ખોટો કેસ કરાયો હતો

**જોકે,** સગર્ભા ભાણકીના ગર્ભનો ડીએનએ મામા સાથે મેચ થઈ જતાં કોર્ટે સજા ફટકારી

સુરતઃ સગીર ભાણીનું અપહરણ કરી તેની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધી તેને ગર્ભવતી બનાવનાર મામાને આજે સ્પેશ્યલ પોક્સો કોર્ટે ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા કરી હતી. તેમજ ભોગબનનારને ૭ લાખ વળતર ચૂકવવાની ભલામણ પણ કરવામાં આવી હતી.

૨ માર્ચ ૨૦૨૩ની સવારે ૧૬ વર્ષની સગીરા ઘરેથી ગુમ થઈ હોવાની ફરિયાદ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ફરિયાદ મુજબ તેના સગા મામા તેને લલચાવી-ફોસલાવી લગ્નના ઇરાદે લઈ ગયા હતા. બંને ટ્રેનમાં મુંબઈ ગયા અને મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ભાડાની ઓરડીમાં લગભગ ૧૦-૧૧ મહિના રહ્યા હતા. તા ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ પોલીસ તેમને સુરત લાવી હતી. ત્યારે સગીરા લગભગ છ માસના ગર્ભ સાથે હતી. આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ભોગ બનનારે તા. ૨૨ મે ૨૦૨૪ના રોજ બાળકીને જન્મ આપ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. પુરાવા વખતે ભોગ બનનારે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું નહીં. સીઆરપીસી કલમ-૧૬૪ હેઠળનું નિવેદન પોલીસે શીખવાડ્યા મુજબ અને માતાના દબાણથી આપ્યું હોવાનો બચાવ કરી માતા અને મામા વચ્ચે મિલકતનો ઝઘડો હતો, તેથી ખોટો કેસ થયો હોવાનું જણાવ્યું હતું.

આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે રજૂઆત અને પુરાવાના

...અનુસંધાન પાના 9 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અનાવિલ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પરમ સ્નેહી ડો.ભરતચંદ્ર મોહનલાલ દેસાઈનું દુઃખદ અવસાન તા.૧૩/૧૦/૨૦૨૬ ને મંગળવાર ના રોજ થયેલ છે.
પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્ગતનું સંયુક્ત બેસણું : તા.૧૮.૧૦.૨૦૨૬ ને રવિવારના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ દરમિયાન રાખેલ છે.
બેસણાનું સ્થળ : અનાવિલ વાડી, ગૌહરબાગ, બીલીમોરા
લૌકિક રિવાજ સદંતર બંધ છે
સ્વ.ડો.ભરતચંદ્ર મોહનલાલ દેસાઈ
સ્વ.તા.૧૩.૧૦.૨૦૨૬
શ્વસુર પક્ષ : – વાપી
સ્વ. રોહિત કે. દેસાઈ
ગં.સ્વ. ગીતા રોહિત દેસાઈ
લિ. શોકાતુર
ગં.સ્વ. ડો.ભાવનાબેન ભરતચંદ્ર દેસાઈ
સ્વ. ભુપતરાય મોહનલાલ દેસાઈ
ગં.સ્વ. ભારતીબેન ભુપતરાય દેસાઈ
વૈશાલી – રાહુલ – શિવાની
દેવલ– શિવાની– દેવાંશ

એકત્રીસમી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

સ્વ.શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ જરીવાલા
સ્વર્ગવાસઃ આસો સુદ-૫ સંવત-૨૦૫૧ તા. ૨૯-૯-૯૫ શુક્રવાર
સ્વજનો વચ્ચેથી ચિર વિદાય અને દેવલોક સીધાયાને એકત્રીસ વર્ષ પૂરા થવા છતાં આપના સ્નેહી ભાવિ ઉમદા સ્વભાવ કુટુંબ અને સ્નેહીઓ પ્રત્યેની સુમેળ સદ્ભાવના તથા સુયોગ્ય આદર્શ વિચારોની છાયા હેઠળ આજે પણ અમોને આપની હાજરી વર્તાય છે, અને એ જ સ્મૃતિઓને યાદ કરી અમો સર્વે કુટુંબીજનો આપને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ....
પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના
લિ.
કલ્પેશ મહેન્દ્રકુમાર જરીવાલા
મનન કલ્પેશકુમાર જરીવાલા
તથા પરિવાર
રણધીર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ
33/૨, પૈકી પ્લોટ નં-૧, સબ જેલ પાછળ, ખટોદરા, સુરત.

શ્રદ્ધાંજલિ

સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાલા
મહેકમાં મહેક મળી જાય તો મૃત્યુ ન કહો
તેજમાં તેજ મળી જાય તો મૃત્યુ ન કહો
દિલના વિસ્તારની દુનિયાઓમાં વસવા માટે
કોઈ મહેફીલથી ઊઠી જાય તો મૃત્યુ ન કહો.
સુરત ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત
દિપકકુમાર ચંદ્રવદન હાથીવાલા પોલીક્લિનીક સંકુલમાં કાર્યરત
માનદ તબીબો, મેડિકલ કમીટી સભ્યો અને મેડિકલ સ્ટાફ ગણ તરફથી શ્રદ્ધાસુમન
ડો. હિતેશ જે. જરીવાલા | ડો. પરાગ પરીખ | ડો. દિપ્તી દેસાઈ
ડો. વિવેક ટેલર | ડો. મૌલિક જરીવાલા | ડો. રાજેન દેસાઈ
ડો. સંજય રંગૂનવાલા | ડો. રાજેશ ગઢીવાલા | ડો. વિરેન પટેલ
ડો. રાજીવ ખરવર | ડો. પ્રેમલ ગઢીવાલા | ડો. યશ ઓઝા
ડો. ડિન્કી ગજિવાલા | ડો. ધવલ લેખડીયા | ડો. પૂર્વિ લિમડી
ડો. ઉન્નતિ પરમાર | ડો. દેવાંશી રંગૂનવાલા | ડો. વૈશાલી ટેલર
ડો. પ્રયત્ન કુમાર | ડો. આશી ગોયલ | ડો. પ્રકાશ રંગૂનવાલા
ડો. ચૈતન્ય ખત્રી | ડો. પ્રાચી દલાલ | ડો. વિજય જરીવાલા


શ્રદ્ધાંજલિ
પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભૂલ્યા નહીં,
વ્યવહાર કદી ચૂક્યા નહીં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
એવા દિવ્ય આત્માને પ્રભુ
પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...
સ્વ.સુરેન્દ્રભાઈ નગીનદાસ ઢબુવાલા
જન્મ તા.૨૫/૦૨/૧૯૪૪
સ્વ.તા.૧૩/૧૦/૨૦૨૬
લિ.
ગં.સ્વ.કુસુમબેન સુરેન્દ્રભાઈ ઢબુવાલા
નિલેશ સુરેન્દ્રભાઈ ઢબુવાલા (પુત્ર) | વૈશાલી નિલેશ ઢબુવાલા (પુત્રવધુ)
ચેતન સુરેન્દ્રભાઈ ઢબુવાલા (પુત્ર) | ભૂમિકા ચેતન ઢબુવાલા (પુત્રવધુ)
ભાવના હિમાંશુ કાબરાવાલા (પુત્રી) | હિમાંશુ કનુભાઈ કાબરાવાલા (જમાઈ)
માનવ નિલેશ ઢબુવાલા | કિંજલ કરણ તમાકુવાલા
જશ હિમાંશુ કાબરાવાલા | ચિરાંગી જશ કાબરાવાલા
શ્રેયા માધવ જડિયા | ખ્યાતિ વિરેન જરીવાલા
સુરેન્દ્ર સ્ટોર્સ (9275376090 / 9978212128 / 9825983938)